## સંક્ષિપ્ત સમાચાર

### પી.પી. સવાણી યુનિ.-QCFI અંકલેશ્વર ચેપ્ટરના ઉપક્રમે એચઆર કોન્ક્લેવ યોજાઈ



સુરતઃ પી. પી. સવાણી યુનિવર્સિટી અને QCFI અંકલેશ્વર ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે ચોથી HR Conclave cum Convention 2026નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. “From Cost Centre to Value Creator: The ROI of Human Capital” થીમ આધારિત આ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં દેશભરમાંથી 250થી વધુ HR Professionals, Industry Leaders, Academicians અને Practitioners ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રમુખ વલ્લભભાઈ સવાણી, બાલાજી વેફરના સ્થાપક ચંદુભાઈ વિરાણી, એલએન્ડટી હેવી એન્જિનિયરિંગના સીઈઓ બી.એચ.લક્ષ્મેશ તથા QCFIના ચેરમેન અવિનાશ પાંડેએ વિશિષ્ટ ઉપસ્થિતિ નોંધાવી હતી. મહાનુભાવોએ હ્યુમન કેપિટલને સંસ્થાકીય વિકાસ અને વ્યાપારિક સફળતાના કેન્દ્રસ્થાને રાખવાના મુદ્દે પોતાના અનુભવો અને માર્ગદર્શન આપ્યા હતા.

### ભટારના રામમંદિરમાં ભાગવત સપ્તાહ-કથા મહોત્સવનો પ્રારંભ, પોથી-કલશયાત્રા નીકળી



સુરતઃ શહેરના ભટાર રોડ સ્થિત શ્રી રામ મંદિર એ.સી. હોલ ખાતે આજથી ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ અને શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવનો પ્રારંભ થયો હતો. જે તા.11મી જુન સુધી ચાલશે. આયોજન દરમિયાન અવધૂત દત્ત પીઠમ, મૈસુરના પીઠાધિપતિ દત્ત વિજયાનંદ તીર્થ સ્વામીજી દરરોજ સાંજે ૪:૩૦ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી હિન્દી ભાષામાં શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવી રહ્યા છે. આયોજન સમિતીનાં વાસુદેવ ગોપલાની, પંકજ રાણા, દેવેશ ભરુચા, નીતિન ભરુચા, ઉમેશ શેઠના, ગૌરવ અમીન, કેવિન બોડીવાલા, બિપીન રાણા, કિરણ બોડીવાલા અને ઘનશ્યામ ખટ્ટરના જણાવ્યા મુજબ, આજે પ્રથમ દિવસે પોથી-કલશ યાત્રા કાઢવામાં આવી હતી. આવતીકાલે બીજા દિવસે ૫ જૂને હનુમાન યજ્ઞ, ત્રીજા દિવસે ૬ જૂને લક્ષ્મીનારાયણ યજ્ઞ, ચોથા દિવસે ૭ જૂને ભાનુ સપ્તમી ઉત્સવ નિમિત્તે નવગ્રહ સહિત સૂર્ય યજ્ઞ, પાંચમા દિવસે ૮ જૂને રુદ્ર યજ્ઞ, છઠ્ઠા દિવસે ૯ જૂને ચંડી યજ્ઞ તેમજ કુમારિકા અને સુવાસિની પૂજન, જ્યારે સાતમા દિવસે ૧૦ જૂને આરોગ્ય કલ્યાણ માટે ધન્વંતરી યજ્ઞનું આયોજન કરવામાં આવશે. આ જ દિવસે ભાગવત સપ્તાહનું મંગલ સમાપન પણ કરવામાં આવશે. આઠમા દિવસે ૧૧ જૂને શાંતિ યજ્ઞ, મહાપૂર્ણાહુતિ, મહામંગળ આરતી અને દીક્ષા વિસર્જન સાથે સમગ્ર સપ્તાહના કાર્યક્રમોનું સમાપન થશે તેમજ

### તન્વી ઉપાધ્યાય- ભટ્ટે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં પીએચ.ડી.ની પદવી મેળવી



સુરતઃ તન્વી ઉપાધ્યાય (ભટ્ટ)એ ઈલેકટ્રિકલ એન્જિનિયરિંગમાં રજૂ કરેલા “મહાશોધ નિબંધ” ‘IMPACTS OF INTEGRATION OF LARGE SCALE RENEWABLE ENERGY SOURCES INTO CONVENTIONAL POWER SYSTEM’ને પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગરે માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન આજ યુનિ.ના એસો. પ્રોફેસર ડો. જીતેન્દ્ર જામનાનીના માર્ગદર્શનમાં પુરૂં કર્યું હતું.

### કલાસાગરની 6 વિદ્યાર્થિનીએ સમૂહ આરંગેત્રમની દીક્ષા મેળવી




સુરતઃ ‘કલાસાગર’ ડાન્સ કલાસીસ દ્વારા સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે ભવ્ય સમૂહ આરંગેત્રમ અને દીક્ષા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે છ દીક્ષાર્થિનીએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. સમારોહના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેલા યઝદી કરંજિયા તથા કલાગુરુ મેઘના મહેતાના હસ્તે કુ.તનિષી ચુડાવાળા, કુ.માન્યા સરૈયા, કુ.ચાર્વી શાહ, કુ.તનીશા પાઠક, કુ.માન્યા મણિયાર અને કુ.અપર્ણા ગુપ્તાએ દીક્ષા ગ્રહણ કરી હતી. કાર્યક્રમમાં ધારાસભ્ય પૂર્ણેશ મોદી, VNSGUના VC કિશોરસિંહ ચાવડા, DEO ભગીરથસિંહ પરમાર, શિક્ષણવિદ્ પ્રા. સૂર્યકાંતભાઈ શાહ, કાનજીભાઈ ભાલાળા, ડો.મુકુંદભાઈ કારિયા સહિતના મહાનુભાવોએ હાજર રહ્યા હતા.

### વૈષ્ણવ સંગઠન દ્વારા 1075 તુલસીપત્ર અર્પણનો કાર્યક્રમ યોજાયો

સુરતઃ સુરત ખાતે વૈષ્ણવ સંગઠન દ્વારા અધિક માસના ઉપલક્ષમાં મોનાબેન અને યોગેશભાઈના યજમાનપદે રાધાપુરૂષોત્તમ દેવને 1075 તુલસીપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. અખિલ હિંદ મહિલા પરિષદના એ.સી. હોલમાં યોજાયેલા આ આયોજનમાં 101 યુગલોએ પૂજાપા સાથે ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત કળશ પૂજન અને ગણપતિ પૂજન સાથે થઈ હતી. યજ્ઞેશભાઈ દવે મહારાજ અને અન્ય બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં વૈષ્ણવ પરંપરા મુજબ વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ અવસરે વિભૂતિબેન મહેતા, નીતાબેન પુનાવાલા અને ભારતીબેન શાહ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કન્વીનર અજયભાઈ દલાલના માર્ગદર્શન હેઠળ, વિશ્વશાંતિ તેમજ સુખ-સમૃદ્ધિની પ્રાર્થના સાથે સંપન્ન થયેલા આ ભવ્ય કાર્યક્રમમાં આરતી, સત્સંગ અને મહાપ્રસાદનો લાભ લેવા અનેક વૈષ્ણવો જોડાયા હતા.

### ઉત્તર ગુજરાત સમસ્ત સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો



સુરત : છાપરાભાઠા વિસ્તારમાં શ્રી ઉત્તર ગુજરાત સમસ્ત સમાજ દ્વારા “સ્નેહ મિલન સમારંભ” તથા મહાનુભાવોના સન્માન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, સાંસદ મુકેશભાઈ દલાલ, સુરતના મેયર માયાબેન માવાણી, સુરત ભાજપના મહામંત્રી કરસનભાઈ ગોંડલિયા, સુરત સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ પારુલબેન વડગામા, કોર્પોરેટર રાજેન્દ્રભાઈ, વિજયભાઈ ભાટિયા, ભાવિશાબેન, નયનાબેન, શહેર ઉપપ્રમુખ મુકેશભાઈ દેસાઈ, પૂર્વ કોર્પોરેટર ધનજીભાઈ ચાવડા, વોર્ડ મહામંત્રી દિવ્યેશભાઈ, હીરાભાઈ તેમજ ઉત્તર ગુજરાતના સામાજિક આગેવાન નીલકંઠ બારોટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન જયંતીભાઈ પટેલ, લાલભાઈ ચૌધરી, મહેશભાઈ ચૌધરી, જયંતીભાઈ પ્રજાપતિ, લીલાભાઈ પ્રજાપતિ, પરેશભાઈ મોદી, શૈલેષભાઈ રબારી, મહેન્દ્રભાઈ પટેલ તેમજ સર્વ સમાજના આગેવાનોના સહયોગથી કરવામાં આવ્યું હતું.

### શ્રી ઢાંઢણ સતી દાદીજીના ચતુર્થ વાર્ષિકોત્સવ નિમિત્તે ભજન સંધ્યા યોજાઈ

સુરતઃ શ્રી ઢાંઢણ સતી દાદીજીના ચતુર્થ વાર્ષિકોત્સવ નિમિત્તે રવિવારના રોજ ઘોડદોડ રોડ સ્થિત અગ્રવાલ સમાજ ભવન ખાતે મંગળપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૃંદાવન થીમ પર ફૂલ બંગલાનો શૃંગાર પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોલકાતાના ભજન ગાયક મૂળચંદ બજાજ અને ટીમ દ્વારા રજૂ કરાયેલા ભજનોનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભજન સંધ્યા તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી દાદીજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# કોયલીખાડીપ્રોજેક્ટમાટેપુણામાં ખાનગી જમીન સંપાદન કરાશે

**51.94 ચોરસ મીટર ખાનગી જમીન ફરજિયાત સંપાદન કરવા માટેની દરખાસ્ત સ્થાયી સમિતિને દરખાસ્ત**

સુરતઃ સુરતના વરાછા વિસ્તારની વર્ષો જૂની પાણી નિકાલની સમસ્યાના કાયમી ઉકેલ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા કોયલી ખાડીના રિ-સ્ટ્રક્ચરિંગ પ્રોજેક્ટને વેગ આપવામાં આવી રહ્યો છે. આ યોજનાના માર્ગમાં આવતી જરૂરી જમીન મેળવવા માટે મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગે વરાછા ઝોનના પુણા વિસ્તાર સ્થિત ટી.પી. સ્કીમ નં. 20ના ફાઈનલ પ્લોટ નં.18 પૈકીની 51.94 ચોરસ મીટર ખાનગી જમીન ફરજિયાત સંપાદન કરવા માટેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરી છે. સાકેતધામ સોસાયટીથી લક્ષ્મણનગર માર્કેટ સુધીના ખાડી વિસ્તારમાં આધુનિક માળખાકીય વિકાસ કરવામાં આવશે. જેમાં ખાડીના કાંઠાઓને મજબૂત બનાવવા માટે રિટેનિંગ વોલ અને ડાયાફ્રામ વોલ ઊભી કરાશે તથા વાહનવ્યવહારની સુવિધા માટે સાનુકૂળ માર્ગ વ્યવસ્થા પણ વિકસાવવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ સમગ્ર યોજનાને સફળતાપૂર્વક અમલમાં મૂકવા માટે વિવિધ જગ્યાઓમાંથી કુલ 17 હજાર ચોરસ મીટરથી વધુ જમીનની જરૂરિયાત ઊભી થઈ છે.

પ્રોજેક્ટના આયોજનના ભાગરૂપે ડ્રેનેજ વિભાગે પ્રાથમિક તબક્કે કેટલીક જમીનો સંપાદન કરવા માટે ચિહ્નિત કરી હતી, જે અંતર્ગત આ ખાનગી માલિકીની જમીન અંગે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મનપા પ્રશાસન દ્વારા જમીનધારકો અને કબ્જેદારોને રૂબરૂ બોલાવીને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી, પરંતુ વળતર કે અન્ય મુદ્દે કોઈ સર્વસંમતિ સધાઈ શકી નહોતી. સુનાવણી દરમિયાન વર્તમાન રહેવાસીઓએ આ જમીન પર લાંબા સમયથી પોતાનો કબજો હોવાનો દાવો અવશ્ય કર્યો હતો, પરંતુ તેઓ માલિકી સાબિત કરી શકે તેવા કોઈ સત્તાવાર દસ્તાવેજો રજૂ કરી શક્યા નહોતા. આ સંજોગોમાં જમીન સ્વૈચ્છિક રીતે પ્રાપ્ત થવાની કોઈ શક્યતા ન જણાતા હવે મનપા તંત્રે ફરજિયાત સંપાદનનો માર્ગ અપનાવવાનો નિર્ણય કર્યો છે. જમીનમાલિકોને જમીનની બજાર કિંમત અથવા જંત્રી કિંમતમાંથી જે વધુ હશે તેના આધારે વ્યાજબી વળતર ચૂકવાશે અને તેની સાથે જ અસરગ્રસ્તોને બાંધકામનું મૂલ્ય, સોલેશિયમ તેમજ પુનર્વસન સંબંધિત તમામ લાભો પૂરા પાડવામાં આવશે. કોયલી ખાડીનો આ વિકાસ પ્રોજેક્ટ શહેરના વરસાદી પાણીના ઝડપી નિકાલ અને પૂર નિયંત્રણ માટે અત્યંત મહત્વપૂર્ણ હોવાથી તંત્ર તેમાં અવરોધરૂપ બનતી જમીન સંપાદનની આ પ્રક્રિયાને ઝડપથી પૂર્ણ કરવા માટે સક્રિય બન્યું છે.

# આર્કિટેકે પિતા સાથેના ઝઘડા બાદ આવેશમાં આવી અકસ્માત કર્યો હતો

**એક બિયરનું ટીન ગાડીમાં પીધા બાદ સરથાણામાં ગાડી ફુલ સ્પીડે હંકારતા 4ને અડફેટે લીધા હતા**

**અકસ્માતમાં બે ભાઈ-બે મહિલાના પગના નકશા બદલી કાઢ્યા હતા**

સુરતઃ લસકાણામાં રહેતા મૂળ ભાવનગરના આર્કિટેક્ટે પિતા સાથેના પારિવારિક ઝઘડાના આવેશમાં આવી દારૂ પીને બેફામ ગાડી ચલાવી અકસ્માત સર્જ્યો હતો. સરથાણા નેચરલ પાર્ક પાસે આ આર્કિટેક્ટે બે ભાઈ અને બે મહિલા પર ગાડીનું ટાયર ફેરવી દેતાં ચારેયને પગમાં ગંભીર ઇજા થઈ હતી. લોકોએ આવેશમાં આવી કારના કાચ તોડી ચાલકને મેથીપાક આપી પોલીસને સોંપ્યો હતો.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ, મૂળ ભાવનગરના વતની અને સુરતમાં લસકાણા ખાતે પુરૂષોત્તમનગર સોસા.માં રહેતા આર્કિટેક વિજય શંભુ ભીકડીયાએ સરથાણામાં જકાતનાકા નેચર પાર્ક પાસે બેફામ કાર ચલાવીને સરથાણાના ભગવાન નગરમાં રહેતા અને રાજવી શોપિંગ સેન્ટરમાં ઓનલાઇન કપડાનો વ્યવસાય કરતા ૨૦ વર્ષીય અક્ષય અતુલભાઈ સખાવાળા, તેના કૌટુંબિક ભાઈ ધ્રુવિતની બાઈકને અડફેટે લીધી હતી. આટલું જ નહીં, કારચાલકે આગળ જઈ રહેલી એક એક્ટિવા મોપેડને પણ જોરદાર ટક્કર મારી દીધી હતી. ઘટનામાં અક્ષય સખાવાળાને જમણા પગના પંજાના ભાગે ગંભીર ઇજા અને ફ્રેક્ચર થયું છે.ધ્રુવિત સખાવાળાને જમણા પગના ઘૂંટણની નીચેના ભાગે ફ્રેક્ચર થયું છે. એક્ટિવા ચલાવી રહેલા મહિલા રીનાબેન સંદીપભાઈ સવાણીને જમણા હાથ અને સાથળના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું છે. એક્ટિવા પાછળ બેસેલા રેખાબેન પ્રાગજીભાઈ લાખાણીને પણ જમણા પગના સાથળના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઇજાઓ પહોંચી હતી.

**અકસ્માત સ્થળથી 200 મીટર અંતરે દારૂનો અડ્ડો ચાલતો હોવાનો વિડીયો વાયરલ**

આ વિડીયો વાયરલ મામલે સરથાણા પીઆઈને પૂછાતા તેમણે જણાવ્યું હતું કે સોશ્યલ મીડિયામાં વિજયે અકસ્માત સર્જ્યા પહેલાં નજીકના દારૂના અડ્ડા પરથી દારૂ લાવી પીધો હતો. જે વાત તદન ખોટી છે. અકસ્માત સ્થળ નજીક દારૂનો અડ્ડો ચાલે છે કે નહીં તે તપાસ કરાવવી પડશે, જેવો ગોળગોળ જવાબ આપ્યો હતો. આગામી દિવસોમાં આરટીઓમાં પણ લાઇસન્સ રદ માટેની કાર્યવાહી પણ કરવામાં આવશે.

### ગાઢ નિદ્રામાં સૂઈ ગયેલા યુવકને કારણે પરિવાર ફ્લેટ બહાર અટવાયો

સુરતઃ વેસુ કેનાલ રોડ સ્થિત આગામ પેરામાઉન્ટ બિલ્ડિંગના નવમા માળે પંચાલ પરિવાર રહે છે. બુધવારે રાત્રે યુવક આરૂશ પંચાલ ફ્લેટમાં એકલો હતો, જ્યારે તેનાં માતા-પિતા કોઈ કામસર બહાર ગયાં હતાં. દરમિયાન આરૂશ દરવાજો અંદરથી લોક કરી સૂઈ ગયો હતો. રાત્રે આશરે 1:45 વાગ્યે તેનાં માતા-પિતા ઘરે પરત ફર્યાં હતાં. તેમણે વારંવાર દરવાજો ખખડાવ્યો અને બેલ પણ વગાડી હતી, પરંતુ આરૂશ ગાઢ નિદ્રામાં હોવાથી કોઈ પ્રતિસાદ આપ્યો ન હતો. અંતે ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતાં વેસુ ફાયર સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર સબ ઓફિસર રોહિત ખલાસીના જણાવ્યા મુજબ ફાયર માર્શલોએ બાજુના ફ્લેટની લોબી મારફતે પ્રવેશ કર્યા બાદ દરવાજો ખોલી દેવામાં આવ્યો હતો. પરિવારે હાશકારો લીધો હતો.

### પોલીસ ફરિયાદ, 51 હજારનો દંડ છતાં ગેરકાયદે બેનરોનો રાફડો



■ ગેરકાયદે જાહેરાતો સામે મનપાએ ઝુંબેશ ચલાવી 6,038 બેનર અને હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવ્યા છે. સાથે જ 24 પોલીસ ફરિયાદ નોંધાવી અને રૂ.51 હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. તેમ છતાં શહેરના સર્કલ, ડિવાઈડર, ફ્લાયઓવર અને મુખ્ય માર્ગો પર ગેરકાયદે બેનરોનું જંગલ યથાવત જોવા મળી રહ્યું છે. જેના કારણે પાલિકાની કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી હોવાની ચર્ચા ઊઠી છે. એટલું જ નહીં શાસકપક્ષ ભાજપે પણ મોદીને આવકારતા હોર્ડીંગ્સ-બેનરો ખડકી દીધા હોવાથી મનપાના અધિકારીઓની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઇ ગઇ છે. સ્થાનિક નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓનું માનવું છે કે માત્ર બેનરો દૂર કરવાથી સમસ્યાનો કાયમી ઉકેલ આવવાનો નથી. ગેરકાયદે જાહેરાતો લગાવનાર વ્યક્તિઓ, એજન્સીઓ, સંસ્થાઓ તેમજ રાજકીય અને સામાજિક સંગઠનો સામે આકરા દંડ વસૂલાય તો જ કાબુમાં આવશે.

# મેરી માતા સ્કૂલને 10 હજારનો દંડ, નોટિસ ફટકારાઈ

**શાળા પરિસરમાં જ ગેરકાયદે રીતે સ્ટોલ ચલાવી પુસ્તકોનું વેચાણ કરતાં DEOની કાર્યવાહી**

સુરતઃ શહેરની પ્રમુખ પાર્ક સ્થિત મેરી માતા સ્કૂલમાં શાળા પરિસરમાં જ ગેરકાયદે રીતે બુક સ્ટોલ ચલાવી પુસ્તકોનું વેચાણ કરવામાં આવતું હોવાના મામલે જિલ્લા શિક્ષણાધિકારી (DEO)એ કડક કાર્યવાહી કરી છે. તપાસ પૂર્ણ થયા બાદ શાળાને નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે, સાથે જ 10 હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ મેરી માતા સ્કૂલના સંચાલકો દ્વારા શિક્ષણ બોર્ડના નિયમોને અવગણીને કેમ્પસમાં જ બુક સ્ટોલ શરૂ કરવામાં આવ્યો હતો. ઉપરાંત વાલીઓને શાળામાંથી જ પુસ્તકો ખરીદવા માટે દબાણ કરવામાં આવતું હોવાના આક્ષેપો પણ સામે આવ્યા હતા. સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થતાં મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે તાત્કાલિક તપાસના આદેશ બાદ આપ્યા હતા. તપાસમાં પ્રાથમિક તબક્કે નિયમભંગ સામે આવતા શાળા સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડો.ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગની માર્ગદર્શિકા મુજબ કોઈપણ શાળા વાલીઓને ચોક્કસ સ્થળેથી પુસ્તકો ખરીદવા માટે દબાણ કરી શકતી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, જિલ્લાના તમામ શાળાઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે વાલીઓને પુસ્તકો, યુનિફોર્મ અથવા અન્ય શૈક્ષણિક સામગ્રી માટે કોઈ ચોક્કસ વેપારી કે સ્ટોર પાસેથી ખરીદી કરવા દબાણ ન કરવામાં આવે. જો ભવિષ્યમાં કોઈ શાળા આવા નિયમોનો ભંગ કરતી ઝડપાશે તો તેની સામે પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# પોલીસની ઢીલાશ? હિટ એન્ડ રન કેસમાં ગુનો નહીં, સમાધાન !

**નશામાં ધૂત મનપા કર્મચારીનો આતંક છતાં કાર્યવાહી શૂન્ય, વાયરલ વિડીયો બાદ પણ પોલીસ મૌન, ટેબલ નીચે વહેવારની ચર્ચાએ ઉઠાવ્યા પ્રશ્નો**

સુરતઃ સુરતના પાલનપુર કેનાલ રોડ પર સર્જાયેલા ગંભીર હિટ એન્ડ રન કેસમાં પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

જોકે અકસ્માત સર્જનાર પાલિકા કર્મચારીનું નામ બતાવવાનો પણ પાલ પોલીસે ઇનકાર કરી દીધો હતી. સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ થવા છતાં પાલ પોલીસે ગુનો દાખલ કરવાનો બદલે સમાધાન કરાવ્યું હોવાની ચર્ચાએ શહેરમાં ચકચાર મચાવી છે.

શહેરમાં નશાખોર વાહનચાલકોનો આતંક દિવસેને દિવસે વધતો જાય છે, ત્યારે પાલનપુર કેનાલ રોડ પર બનેલી ઘટનાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પ્રશ્નચિહ્ન મૂક્યું છે. સુરત મહાનગરપાલિકાના કર્મચારી દ્વારા નશાની હાલતમાં કાર હંકારી એક કાર અને ત્રણ મોટરસાઈકલોને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો, જેમાં આરોપીની બેફામ હરકતો સ્પષ્ટ જોવા મળી હતી. અકસ્માત બાદ સ્થાનિકોએ આરોપીને પકડી પાડ્યો હતો અને ભારે રોષ વ્યક્ત કર્યો હતો. સામાન્ય રીતે આવા કેસમાં કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, પરંતુ આશ્ચર્યજનક રીતે પાલ પોલીસે હજુ સુધી સત્તાવાર રીતે ગુનો નોંધ્યો નથી. મળતી માહિતી મુજબ, સમગ્ર મામલો અંદરખાને સમાધાનના માર્ગે દોરવામાં આવ્યો હોવાની ચર્ચા જોર પકડી રહી છે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે ‘ટેબલ નીચે’ લેવડદેવડ દ્વારા મામલો દબાવી દેવાયો હોઈ શકે છે. જો આ આક્ષેપોમાં સત્યતા હશે તો પોલીસની વિશ્વસનીયતા પર મોટો પ્રશ્ન ઊભો થશે. વીઆઇપી બંદોબસ્ત વચ્ચે શહેરમાં આવી બેફામ ઘટનાઓ બનતી હોવા છતાં પોલીસની નિષ્ક્રિયતા લોકોને ચિંતિત કરી રહી છે. હવે જોવાનું એ રહ્યું કે ઉચ્ચ અધિકારીઓ આ મામલે નોંધ લઈને પારદર્શક તપાસ કરાવે છે કે નહીં.

# ફોસ્ટા ચૂંટણી: મોટી સંખ્યામાં ઉમેદવારો મનોનયન ફોર્મ લઈ ગયા

**પ્લેટિનમ કેટેગરીમાંથી 14, ડાયમંડ કેટેગરીમાંથી 4 તથા ગોલ્ડ કેટેગરીમાંથી 9 ઉમેદવારે ફોર્મ લીધાં**

સુરતઃ ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)ની આગામી ચૂંટણીને લઈને વેપારીઓમાં ભારે ઉત્સાહ અને જોમ જોવા મળી રહ્યો છે. ફોસ્ટા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયાનો સત્તાવાર પ્રારંભ ગુરુવાર, તા. 4 જૂન 2026ના રોજ બપોરે 2 વાગ્યે થયો હતો. ચૂંટણી અધિકારીના હસ્તે મનોનયન પત્રકોના વિતરણની શરૂઆત કરવામાં આવી હતી. ચૂંટણીના પ્રથમ જ દિવસે ત્રણેય કેટેગરીમાં ઉમેદવારોએ મોટી સંખ્યામાં મનોનયન પત્રકો મેળવ્યા હતા, જે વેપારી વર્ગમાં ચૂંટણી પ્રત્યેનો ઉત્સાહ દર્શાવે છે.

મળતી માહિતી મુજબ પ્લેટિનમ કેટેગરીમાંથી 14, ડાયમંડ કેટેગરીમાંથી 4 તથા ગોલ્ડ કેટેગરીમાંથી 9 ઉમેદવારોએ મનોનયન પત્રકો મેળવ્યા હતા. પ્રથમ દિવસથી જ ઉમેદવારો અને તેમના સમર્થકોમાં સક્રિયતા જોવા મળી હતી. આગામી 5 અને 6 જૂને પણ મળશે મનોનયન પત્રકોનુ વિતરણ થશે.ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ઈચ્છુક ઉમેદવારો તા. 5 જૂન અને 6 જૂન 2026ના રોજ બપોરે 2 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી ફોસ્ટા કાર્યાલયેથી મનોનયન પત્રકો મેળવી શકશે. ચૂંટણી સંબંધિત તમામ પ્રક્રિયા નિયત સમયપત્રક મુજબ પારદર્શક રીતે હાથ ધરવામાં આવી રહી છે.મનોનયન પત્રક વિતરણ દરમિયાન ચૂંટણી અધિકારી અશોક જૈન, બ્રીજમોહન અગ્રવાલ અને સચિન અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. તેમની દેખરેખ હેઠળ સમગ્ર પ્રક્રિયા સુચારુ રીતે સંપન્ન કરવામાં આવી હતી.ફોસ્ટા ચૂંટણીની પ્રક્રિયા શરૂ થતાં જ હવે ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો છે. આગામી દિવસોમાં ઉમેદવારો દ્વારા પ્રચાર-પ્રસાર અને સંપર્ક અભિયાન તેજ બનવાની સાથે વેપારી જગતમાં ચૂંટણીને લઈને વધુ સક્રિયતા જોવા મળશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# લાખોના ખર્ચનો નવો રસ્તો 45 દિવસમાં ફરી ખોદાયો

**પાલમાં રસ્તો બન્યા પછી ડ્રેનેજ લાઇન નાંખવાનું યાદ આવતાં મનપાના તંત્રની ઘોર બેદરકારી છતી થઈ**



સુરતઃ સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો અભાવ ફરી એકવાર સપાટી પર આવ્યો છે, જેના કારણે ખાતર પર દિવેલ જેવો ઘાટ સર્જાયો છે. પાલ વિસ્તારમાં આવેલ ગેલેક્સી સર્કલ પાસે માત્ર 45 દિવસ પહેલાં જ લાખો રૂપિયાના ખર્ચે નવો રસ્તો કાર્પેટ કરવામાં આવ્યો હતો. આ નવોનક્કોર રસ્તો બન્યા બાદ હવે અચાનક ડ્રેનેજ વિભાગને ત્યાં લાઈન નાંખવાનું યાદ આવ્યું છે. મનપાની આ પ્રકારની લાલિયાવાડી અને લાપરવાહીને કારણે નવો બનેલો રસ્તો આખો ખોદી નાંખવામાં આવતાં સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારોભાર આક્રોશ ફાટી નીકળ્યો છે.

એક તરફ સુરત મનપાની તિજોરી તળિયાઝાટક થઈ ચૂકી છે અને વિકાસ કાર્યો માટે મનપાએ કેન્દ્ર તથા રાજ્ય સરકારની ગ્રાન્ટ પર આધાર રાખવો પડે છે, ત્યારે નાણાંના આવા દુરુપયોગથી આર્થિક ભારણ વધી રહ્યું છે. ચોમાસાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે અધવચ્ચે શરૂ કરાયેલી આ કામગીરી ચોમાસા પૂર્વે પૂર્ણ થશે કે કેમ તે અંગે સ્થાનિકોમાં અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે. ચોમાસામાં અહીં કાદવ-કીચડ અને ટ્રાફિકની મોટી સમસ્યા સર્જાવાની ભીતિ વચ્ચે સ્થાનિકો દ્વારા આવી ગંભીર બેદરકારી દાખવનારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

### ‘પત્નીના બીજા લગ્ન કરાવીને તેને નોકરી આપજો’ લખી મનપાના કર્મીનો આપઘાત

સુરતઃ ઉગત કેનાલ રોડ ખાતે રહેતા મનપાના વર્ગ-4 ના કર્મચારીએ સુસાઈડ નોટ લખીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. રાંદેર ઉગત કેનાલ રોડ પર આવેલી સત્તાધાર સોસાયટીમાં રાહુલકુમાર રામજીભાઈ ગોહિલ (ઉં.વ.31), ચાર વર્ષની પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે વરાછા એ ઝોનના જન્મ મરણ વિભાગમાં વર્ગ 4ના કર્મચારી તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગુરુવારે સવારે રાહુલકુમારે ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આપઘાત પહેલાં રાહુલકુમારે એક સુસાઈડ નોટ લખી હતી જેમાં લખ્યું હતું કે, હું જીવનથી કંટાળી ગયો છું, આમાં મારા માતાપિતાનો કોઈ વાંક નથી. મારા મોત પછી મારા બધા રૂપિયા મારી દીકરીના નામે કરી દેજો અને પત્નીના બીજા લગ્ન કરાવીને તેને નોકરી આપજો. આ નોટ રાંદેર પોલીસે કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે.